
**Veer Narmad South Gujarat University, Surat**

Re-accredited by NAAC with 'A' grade

सत्यम् ज्ञानम् अनन्तम्


# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter


For Private Circulation Only



Vol. 13, Issue. 234, June 2022


જેમ શરીર કસરતથી નીરોગી, તેજસ્વી, ચપળ હોઈને થાકયા વગર સહેલથી વધારે વધારે કામ કરે છે તેમ મન પણ કેળવણીથી અજ્ઞાન–વહેમ વિનાનું પ્રકાશિત ચપળ બનીને કંટાળ્યા વિના સહેલથી વધારે વધારે વિચાર તર્ક ઈચ્છા કરી શકે છે.

– કવિશ્રી નર્મદ

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

विद् याशचा विद् याशच यस्वद्ददेदीमयं: सह |
अविद् याय इत्यु तीत्वा विद् ययाग्टमस्कचुते ||

'વિદ્યા અને અવિદ્યા બંનેને જે એક સાથે જાણે છે તે અવિદ્યા દ્વારા મૃત્યુને તરી જઈને વિદ્યા દ્વારા અમૃત પામે છે.'

શ્રી રવીન્દ્રનાથ ટાગોર લખે છે – 'પ્રાચીન સંહિતાકારોએ આપણા શિક્ષણને, આપણા ગાર્હસ્થ્યને અનંતમાં એ અંતિમ પરિણામ પ્રત્યે અભિમુખ બનાવવા ચાહ્યું હતું. સમસ્ત જીવનને જીવનના પરિણામને અનુકૂળ બનાવવા ચાહ્યું હતું. એટલા માટે આપણું શિક્ષણ કેવળ વિષયનું શિક્ષણ, કેવળ પુસ્તકનું શિક્ષણ નહોતું, એ તે બ્રહ્મચર્ય હતું. નિયમસંયમના અભ્યાસ વડે એવું એક બળ મળતું જેને લીધે ભોગ અને ત્યાગ અને આપણે માટે સ્વાભાવિક બની જતાં.'

વિદ્યાનું મહત્ત્વ તીર્થ કરવાના મહત્ત્વ સાથે સરખાવતા શ્રી રવીન્દ્રનાથ ટાગોર લખે છે–

'વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો. મુખ્યત્ત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણાં વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે, એટલું જ નહીં ઉપાધિ પણ મેળવે છે, તેમ છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણાં જાય છે, પરંતુ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતાં નથી. જેઓ જોવાની વસ્તુને જુએ નહિ, મેળવવાની વસ્તુ લે નહીં, તેમની વિદ્યા આખર સુધી તો પોથીમાં જ રહે છે, તે જ શિક્ષણની ખરી સાર્થકતા...

આપણાં શૈક્ષણિક પરિસરમાં શૈક્ષણિક સત્રના આરંભ સાથે વર્ગખંડો વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ હાજરીનો અનુભવ કરવા લાગ્યા. પહેલા દિવસથી શિક્ષણ, કહો કે જ્ઞાન પ્રાપ્તિનો આરંભ થયો. આ વર્ષથી આપણે શૈક્ષણિક પરિસરમાં વિદ્યાર્થીઓ ડિગ્રી કોર્સની સાથે એના જીવનમાં કોઈકને કોઈક રીતે કયારેય પણ ઉપયોગી નીવડે એવા સર્ટિફિકેટ કોર્સ શરૂ કરાવવાનો પ્રયાસ કર્યો. વિભાગીય વડાશ્રીઓને, આચાર્યશ્રીઓને આગ્રહ પણ કર્યો. ઘણાં પરિસરમાં આ સર્ટિફિકેટ કોર્સ પૂર્ણની યોજનાઓ પણ બની, ઘણી જગ્યાએ આરંભ થઈ રહ્યો છે. તો કેટલાક પરિસરમાં પૂર્ણ પણ થયા ને નવા કોર્સની યોજના બની રહી છે. નવી શિક્ષણ નીતિમાં સ્પષ્ટ છે કે વિદ્યાર્થીઓ ભણીને બહાર આવે ત્યારે એની પાસે જીવનોપયોગી ભાથું હોય. આપણો પ્રયાસ એ દિશામાં છે. આપણા પરિસરોમાં વિદ્યાર્થીઓ આવીને ચાલ્યા જાય એ પુરતું નથી. એને જીવનમાં ઉપયોગી રહે એ રીતનું જ્ઞાન આપવાની આજના સમયમાં તાતી જરૂર છે. એક તરફ શિક્ષણકાર્ય, બીજી તરફ પ્રથમસત્રનાં વિદ્યાર્થીઓના પ્રવેશ કાર્યથી આપણા શૈક્ષણિક પરિસરો વ્યસ્ત છે. આશા રાખીએ કે આ વર્ષ આપણે મહામારીથી મુકત થઈ, વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ હાજરી આપણા વર્ગખંડમાં જોતા રહીએ...

શ્રી રવિન્દ્રનાથ ટાગોરે એક નિબંધમાં બહુ સરસ વાત કહી છે કે, નદી પાસે ઊભા રહીને કેવળ પાણીને જોતાં રહેવાથી નદી પાર નથી થઈ શકતી. નદી પાર કરવા માટે પણ ઉદ્યમી બનવું પડે, સાહસી બનવું પડે, પુરુષાર્થ કરવો પડે પ્રયાસ જરૂરી છે. આ ઉદ્યમ, સાહસ, પુરુષાર્થ, પ્રયાસ જ નિશ્ચિત ધ્યેયની પ્રાપ્તિ કરાવે છે. આજના વિદ્યાર્થીઓમાં આ સમજણ તો છે જ. માત્ર એમને યોગ્ય દિશા બતાવવાનું છે. આ કાર્ય આપણા શૈક્ષણિક પરિસરમાં થવું ઘટે. એમને શિક્ષણની સાથે જીવન ઉપયોગી જ્ઞાન આપીશું, અભ્યાસેત્તર પ્રવૃત્તિઓમાં જોડાયેલાં રાખીશું. વિદ્યાર્થીઓ ચોકકસ શૈક્ષણિક પરિસરમાં જ નહીં વર્ગખંડમાં સ્વેચ્છાએ આવશે.

એક તરફ શિક્ષણકાર્ય, બીજી તરફ પ્રથમ સત્રના વિદ્યાર્થીઓના પ્રવેશ કાર્યથી આપણા શૈક્ષણિક પરિસરો વ્યસ્ત છે. આશા રાખીએ કે આ વર્ષ આપણે મહામારીથી મુકત થઈ, વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ હાજરી આપણા વર્ગખંડમાં જોતા રહીએ... સર્વને નવા શૈક્ષણિક વર્ષમાં નવીન શૈક્ષણિક સત્રની શુભેચ્છાઓ.


**તા. ૨૨ ઓગષ્ટ, ૨૦૨૨**


**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### વિશ્વ યોગ દિવસ

તા. ૨૧–૦૬–૨૦૨૨ના રોજ સવારે ૬:૩૦ કલાકે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની અધ્યક્ષતામાં યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી, પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડુક અને ફિઝીકલ એજ્યુકેશનના ડાયરેકટરશ્રી ડૉ. પોલ ડેવિડે ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સુરત શહેરની વિવિધ કોલેજોના આશરે એક હજાર (૧૦૦૦) જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને યોગ કર્યા હતા. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા શ્રી પ્રકાશચંદ્ર અને એન.એસ.એસ. વિભાગ દ્વારા કરવામાં આવી હતી.



































## સિવિલ સર્વિસ બેચ ૨૦૨૨–૨૩

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસના એમ.એલ.કાકડીયા આઈ.એ.એસ./આઈ.પી.એસ. ભવન ખાતે કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડાની અધ્યક્ષતામાં તા. ૫–૭–૨૦૨૨ને મંગળવારનાં રોજ સુરત જિલ્લા કલેકટર શ્રી આયુષ સંજીવ ઓક દ્વારા યુ.પી.એસ.સી./ જી.પી.એસ.સી. 'સિવિલ સર્વિસ બેચ ૨૦૨૨–૨૩'નો શુભારંભ સમારોહ યોજવામાં આવ્યો હતો.


















## Fair Assessment and Consultation Team (FACT) : શ્રેષ્ઠ કામગીરી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧–૨૨માં ડૉ. સ્નેહલ કિરણભાઈ જોષી (અધ્યક્ષશ્રી), પ્રિ. ડૉ. જયંતીભાઈ સુરેશભાઈ ચૌધરી (સિન્ડિકેટ સભ્યશ્રી), ડૉ. પારૂલબેન કિશોરકાન્ત વડગામા (સિન્ડિકેટ સભ્યશ્રી), પ્રિ. ડૉ. ઇશ્વરભાઈ એમ. પટેલ (એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી), ડૉ. કે. એન. ભટ્ટ (સેનેટ સભ્યશ્રી), પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ યશવંતસિંહ ખરવાસીયા (સેનેટ સભ્યશ્રી), ડૉ. આરતી જે. રાજયગુરુ (વિભાગીય વડાશ્રી), પ્રિ. ડૉ. જશવંતકુમાર ઠાકોરભાઈ ચૌધરી (આચાર્યશ્રી), પ્રિ. ડૉ. પત્રલેખા અમરસિંહ બારડ (આચાર્યાશ્રી), શ્રી નારણભાઈ એમ. અમીન (એસોસીયેટ પ્રોફેસર), પ્રિ. ડૉ. મુકેશ આર. ગોયાણી (આચાર્યશ્રી), શ્રી ભગીરથ પટેલ (એડવોકેટશ્રી) અને સુશ્રી મોના દેસાઈ (સામાજિક કાર્યકરશ્રી)ની Fair Assessment and Consultation Team (FACT) સમિતિ નિમવામાં આવી હતી.

આ સમિતિએ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ઓનલાઈન અને ઓફલાઈન પરીક્ષામાં ગેરરીતિ બાબતે થયેલ કોપી કેસોનું ખુબ ઝડપી, સચોટ અને ગૂંચવણભર્યા કેસોનું ખૂબ ઓછી સમય મર્યાદામાં નિરાકરણ લાવેલ છે. આ એક વર્ષના સમયગાળા દરમ્યાન FACT સમિતિ અને યુનિવર્સિટી કાર્યાલય દ્વારા ઘણા ગૂંચવણભર્યા મુદ્દાઓનો ઉકેલ લાવવામાં આવેલ છે. તદ્‌પરાંત સિસ્ટમમાં પારદર્શકતા લાવી શકાય એ માટે Fact સમિતિ દ્વારા ગેરરીતિ અંગેના તમામ કેસોનું Online ERP મોડયુલ તૈયાર કરી કોલેજો તેમજ વિદ્યાર્થીઓને પોતાના પોર્ટલ પરથી તમામ માહિતી તથા ફી ની ચૂકવણી કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. યુનિવર્સિટીનાં સુવર્ણ ઈતિહાસમાં સૌ પ્રથમવાર વિદ્યાર્થીની કારકિર્દી માટે આવી Online સેવા પૂરી પાડી યુનિવર્સિટીની ગરીમા વધારી હતી જે યુનિવર્સિટી માટે ખૂબ જ ગૌરવની વાત કહી શકાય.

જૂન–૨૦૨૧ થી ડિસેમ્બર–૨૦૨૧ દરમ્યાન FACT સમિતિ દ્વારા કુલ ૧૭ મિટીંગોનું આયોજન કરેલ જેમાં કુલ ૩૫૬૪ કેસોનું નિરાકરણ કરવામાં આવેલ છે અને જાન્યુઆરી–૨૦૨૨ થી એપ્રિલ–૨૦૨૨ સુધીમાં કુલ ૧૩ મિટીંગોનું આયોજન કરી કુલ ૧૯૪૫ કેસોનું નિરાકરણ કરવામાં આવેલ છે. જે છેલ્લા ૧૦ વર્ષમાં ખુબ જ ઝડપી થયેલ કાર્યવાહી કહી શકાય.

આ સચોટ, પારદર્શક, નિષ્ઠા પૂર્વક અને ઓછી સમય મર્યાદામાં કોઈ પણ જાતના ભેદભાવ વિના શ્રેષ્ઠ કામગીરી બજાવા બદલ FACT સમિતિના તમામ સભ્યશ્રીઓ તથા પરીક્ષા ભવનના FACT વિભાગની કામગીરી સંભાળનાર સિનિયર કલાર્કશ્રી દિનેશભાઈ આર. પાટીલ તથા તેની સંપૂર્ણ ટીમને તા. ૨૭–૦૬– ૨૦૨૨ના રોજ મળેલ FACT સમિતિની મિટીંગમાં કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાએ આ પ્રશંસનીય કામગીરીને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી તથા આ કામગીરી આજ પ્રમાણે પારદર્શક રીતે ગતિશીલ રહે એવી અપેક્ષા વ્યક્ત કરી તેમના અમૂલ્ય સૂચનો તથા શ્રેષ્ઠ માર્ગદર્શન આપ્યું હતું.

## મેડલ




ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી રોલર સ્પોર્ટસ (બહેનો)ની સ્પર્ધાનું આયોજન આંધ્રા યુનિવર્સિટી, વિશાખાપટ્ટનમ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની રોલર સ્પોર્ટસ બહેનોની ટીમમાં ખેલાડીએ મેડલ પ્રાપ્ત કર્યા છે. જેમાં મોરે ધનશ્રી રાજેષભાઈએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. તમામ બહેનોને યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઇ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદિપ ચૌધરી, નિયામકશ્રી પોલ ડેવિડ, બોર્ડ ઓફ સ્પોર્ટસનાં ચેરમેન તથા સભ્યશ્રીઓ તેમજ સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.

## Startup Yatra

Veer Narmad South Gujarat University Incubation Center, Institution Innovation Council અને SSIP Startup Cellનાં સંયુક્ત ઉપક્રમે UCCC & SPBCBA & SDHG College of BCA & IT, Surat ખાતે "Startup Yatra Session-4" નું આયોજન કરવામાં આવ્યું હતું.








## સ્ટાર્ટઅપ યાત્રા

વિદ્યાર્થીઓની ટેકનિકલ સ્કીલ, સ્ટાર્ટઅપ અને ઈનોવેશનની પ્રવૃતિને પ્રોત્સાહન મળે તે હેતુથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઇન્ક્યુબેશન સેન્ટર દ્વારા તા. ૨૮–૭–૨૦૨૨ ના રોજ શ્રી ઉત્તર ગુજરાત બી.સી.એ. કોલેજ, સુરતમાં સ્ટાર્ટઅપ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને શ્રી ઉત્તર ગુજરાત બી.સી.એ. કોલેજ, સુરતના આચાર્યશ્રી પ્રદીપ એચ. રાજપૂતના સહકાર હેઠળ યોજાયેલ આ સેશનમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલિસી વિશે માહિતી આપવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓને ઈનોવેટિવ આઇડીયાને કેવી રીતે સ્ટાર્ટઅપમાં તબદીલ કરવું તેમજ તેના માટે ફંડિંગ (ગ્રાન્ટ) કેવી રીતે મેળવી શકાય તેની માહિતી યુનિવર્સિટીનાં શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં કુલ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઇનોવેટિવ આઇડિયા આગળ આવ્યા હતા. આ સમગ્ર ઈવેન્ટ દરમ્યાન કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તરફથી યુનિવર્સિટીની ટીમને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.





## વિશ્વ યોગ દિવસ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા ફિટ ઇન્ડિયા અને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તથા 'વિશ્વ યોગ દિવસ'નાં ઉપક્રમે તા. ૧૫–૬–૨૦૨૨ થી તા. ૨૧–૬–૨૦૨૨ દરમ્યાન કોમન યોગ પ્રોટોકોલ ટ્રેનિંગ પ્રોગ્રામનું એમ્ફિ થિયેટર, યુનિવર્સિટી કેમ્પસ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ આખું આજે યોગમય બન્યું છે ત્યારે યુનિવર્સિટી દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે એક સપ્તાહની યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં દરેક ડિપાર્ટમેન્ટ અને સુરત શહેરની તમામ કોલેજમાંથી ૫૦ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓએ ફરજીયાત ભાગ લેવા વિનંતી કરવામાં આવી હતી. કોમન યોગ પ્રોટોકોલ ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે events.vnsgu.info પર રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ કોમન યોગ પ્રોટોકોલ ટ્રેનિંગ પ્રોગ્રામ યુનિવર્સિટી દ્વારા નિઃશુલ્ક રાખવામાં આવ્યો હતો. જેમાં કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવી ન હતી તથા દરેકને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતાં.

## નેશનલ સેમિનાર

IQAC, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને એસોસિએશન ઓફ ઈન્ડિયન કોલેજ પ્રિન્સિપાલના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬–૬–૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે Accepting the Challenge of NEP-2020: Towards Implimentation વિષય પર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં કરવામાં આવ્યું હતું. જેમાં પ્રો. આર. એસ.માળી, પૂર્વ કુલપતિશ્રી, કવિયત્રીશ્રી બહિનાબાઈ ચૌધરી, ઉત્તર મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાંવ, ડૉ. સી. એન. રાવલ, જનરલ મેનેજરશ્રી, મહારાષ્ટ્ર સ્ટેટ ફેકલ્ટી ડેવલેપમેન્ટ એકેડમી, (MSFDA) પુણે તથા ડૉ. સુરેખા ડાંગવાલ, કુલપતિશ્રી, દૂન યુનિવર્સિટી, દેહરાદુન તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર ગુજરાત રાજયમાંથી આચાર્યોશ્રીઓ અને અધ્યાપકોએ આ સેમીનારમાં ભાગ લીધો હતો. મુખ્ય અતિથિ તરીકે શ્રી અતિક દેસાઈ, ઉપપ્રમુખ, ચીફ એડમીનીસ્ટ્રેટીવ ઓફિસર, L&T, હજીરા ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમના અધ્યક્ષ અને ઉદ્દઘાટક વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડા રહ્યાં હતાં.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું સમાજ માટે યોગદાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી. છાત્રા વર્ષા ભીખાભાઈ વોરા દ્વારા 'A Comparative Study of Financial Performance of Electricity Distribution Companies of Gujarat Urja Vikash Nigam Limited' વિષય પર મહાશોધ નિબંધ તૈયાર કરવામાં આવ્યો છે. આ મહાશોધ નિબંધ તેમણે અખંડ આનંદ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સુરતનાં આચાર્યાશ્રી ડૉ. રૂપાલી એ. શાહનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ તા. ૧૭–૬–૨૦૨૨નાં રોજ આ મહાશોધ નિબંધને માન્ય રાખી કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં પીએચ.ડી. ની પદવી એનાયત કરી છે.

આ મહાશોધ નિબંધમાં ગુજરાતમાં વિજળીનું વિતરણ કરતી ચાર વિજળી વિતરણ કંપનીની નફાકારકતા, પ્રવાહિતતા, સધ્ધરતા તેમજ કાર્યક્ષમતા વિશેની છેલ્લાં ૧૫ વર્ષની માહિતીનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ પ્રકારની આંકડાશાસ્ત્રીય તકનીકો અને સોફ્ટવેરનો ઉપયોગ કરીને ગ્રાહકો, સમાજ, કંપની તથા સરકાર માટે ઉપયોગી થઈ શકે તેવા ડેટા શોધવામાં આવ્યા છે.

વિજળીનો વપરાશ દિન પ્રતિદિન સતત વધી રહ્યો છે. વિજળી વિતરણ કંપની કઈ રીતે કાર્ય કરે છે, વિજળી ગ્રાહક સુધી પહોંચતા યુનિટ દીઠ ખર્ચો અને આવક, સમાજનાં નબળાં વર્ગો તથા ખેતીવાડી માટે સરકાર તરફથી આપવામાં આવતી રાહત વિગેરે અંગેની માહિતી ગ્રાહકો આ મહાશોધ નિબંધથી મેળવી શકશે.

આ મહાશોધનિબંધમાં વિવિધ કંપનીઓના છેલ્લા ૧૫ વર્ષનાં નાણાકીય પરિણામોનાં વિશ્લેષણના આધારે ભવિષ્યમાં વિજળી કંપનીઓની કાર્યક્ષમતા અને નફાકારકતા વધારવા માટેનાં સૂચનો આપવામાં આવ્યા છે. જે વિજળી કંપનીઓ તથા સરકાર માટે ઉપયોગી સાબિત થઈ શકશે. આ મહાશોધ નિબંધને માન્યતા આપી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ સમાજ માટે મહત્ત્વનું યોગદાન પુરૂ પાડયું છે.

## Department of Interior Design

### Achievement

Ms. Simran Agarwal, a Final year Student of Department of Interior Design, Veer Narmad South Gujarat University, has won a Gold Medal in Taekwondo. Ms. Simran Agarwal has participated in 1st Mahavir Cup Open National Tournament-2022-23 organized on 17th, 18th & 19th June 2022 at Ramat Gamat Sankul, Gandhidham, Kutch, Gujarat. Earlier she won a silver medal at Navsari intercollege competition. The Department and University is feeling proud for her Achievement and wish her future endeavors.





ताइक्वांडो खेल में सूरत के खिलाड़ियों ने दिखाया कौशल

लोकतेज संवाददाता, सूरत। गांधीधाम ( कच्छ भुज) में प्रथम महावीर कप ओपन ताइक्वांडो राष्टीय टूर्नामेंट आयोजित हुआ जिसमें देश के विभिन्न प्रदेशो के खिलाड़ियों में भाग लिया। इस प्रतियोगिता में सूरत के खिलाड़ियों ने अपना दमखम दिखाया और मेडल जीते जिनमे..लवीना शिवनानी, जिग्नेश पारिख सिमरन अग्रवाल ,दिति देसाई ने गोल्ड तथा नित्या घनश्याम नागदेव ने सिल्वर मेडल जीता। कोच धर्मेश वारलेकर में सभी प्रतिभागियो की सराहना की। सूरत के घनश्याम नागदेव ने पुरष्कार वितरण समारोह में उपस्थिति देकर खिलाड़ियों को पुरस्कृत किया।

## Department of Statistics

## National Statistics Day : Celebration

Department of Statistics Celebrated 16th National Statistics Day (29th June 2022) on the birth anniversary of Prof. Prasanta Chandar Mahalanobis with an 2nd online quiz 2022. The department has been celebrating the statistics day, to popularize the use of statistics in everyday life and sensitize public on how statistics helps shaping and framing policies for the welfare of people. It is celebrated every year of the birth anniversary of Prof. P. C. Mahalanobis, on 29th June since 2007, in recognition of his invaluable contribution in establishing the National Statistical System.

There was a very good response from all over India attempting the quiz from different streams like Arts, Science, Commerce, Computer Science, Management and other subjects as well as student participation was there from different cities and town of Gujarat state like Surat, Ahmedabad, Valsad, Navsari, Bardoli, Anand, Bhavnagar, Vyara, Rajkot, etc. From other states cities like Mumbai, Pune, Trichi, Solan, Agartala, Dhule, Ambla, Nagpur, Kolhapur etc. From all over the India there were a great response. 1676 participants from junior level (class XI and XII) and senior level (UG and PG course) students have participated in the online quiz. At junior level out of 403 participants, 182 students scored more than 50% marks and received e-certificates. At the senior level out of 1273, 920 students from UG level and 353 students from PG level attempted the quiz. At senior level 818 students and at junior level 182 students secured more than 50% marks, and received e-certificates. We would like to thankful our Honorable Vice Chancellor Dr. K.N.Chavda for inspiring us to organize this quiz. We are also very thankful to our I/c. Registrar Dr. Jaydip Chaudhari for permitting to organize quiz. Department thanks all the well wishers from school teachers and college teachers who circulated this quiz poster with their students. And last but not the least, we thanful to entire technical committee members for managing all technicalities of creating poster and certificates without which this could not have been possible.












## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### વિદાય સમારંભ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૪–૦૬–૨૦૨૨ને મંગળવારના રોજ સેવિકાબેન શ્રીમતી કમળાબેન ચૌહાણનાં નિવૃત્તિના અંતિમ દિવસે આયોજીત વિદાય સમારંભ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા તેમજ કોલેજનાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યો હાજર રહ્યાં હતાં.

### સેમિનાર





તા. ૨૫–૬–૨૦૨૨ને શનિવારનાં રોજ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થિનીઓ તથા NSS-NCC UNIT માટે સ્વ સુરક્ષા સંદર્ભે ઇ.ચા.અચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'સાયબર ક્રાઈમ જાગૃતિ અને સ્વ સુરક્ષા' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે અમરોલી પોલીસ સ્ટેશનના PSI શ્રી વી.જી.માલાણી, મહિલા અને બાળકોના કલ્યાણ વિભાગમાં કામ કરી રહેલ ભાગ્યશ્રીબેન, સાયબર ક્રાઇમનાં શ્રી વિજયભાઈ, લોક રક્ષક અને પોલિસ કોન્સ્ટેબલ રીટાબેન, પાયલબેન, મનીષાબેન, કરાટે ટ્રેનર મેઘનાર્થી ફાલ્ગુનીએ હાજર રહી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સાયબર ક્રાઈમ અવેરનેસ અંગે તેમજ સ્વ–સુરક્ષા અને સ્વ બચાવ પર યોગ્ય માર્ગદર્શન આપી યોગ્ય ટેકનિક બતાવી કે, કેવી રીતે પોતાનો બચાવ કરી શકાય. કાર્યક્રમમાં કોલેજના ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. ડૉ.પ્રીતીબેન શાહ, પ્રા. શ્વેતાબેન ગોળકિયા તથા પ્રા. ખુશ્બુબેન વામજા હાજર રહ્યાં હતાં. કાર્યક્રમને અંતે આભારવિધિ પ્રા. ડૉ. પ્રીતીબેન શાહે કરી હતી.

### આંતર રાષ્ટ્રીય યોગ દિવસ

તા. ૨૧ જુન, ૨૦૨૨ને મંગળવારના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં આઠમો આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ, NSS, NCC, તેમજ સ્પોર્ટ્સનાં વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.





## સ્ટાર્ટ–અપ અને ઇનોવેશન પ્રોગ્રામ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ તા. ૨૭–૦૬–૨૦૨૨ને સોમવારના રોજ સવારે ૯:૩૦ અને બપોરે ૧૨:૩૦ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના Idea and Innovation Cellના માધ્યમથી Sessions for Student Startup and Innovation પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા નવા સ્ટાર્ટઅપ તેમજ વિદ્યાર્થીઓનાં ઇનોવેટિવ આઇડિયાને કઈ રીતે સ્ટાર્ટઅપમાં ફેરવવું તેમ જ તેના માટેના ફંડિંગની જાણકારી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આઈડિયા એન્ડ ઇનોવેશન સેલના શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી.

સમગ્ર વર્કશોપનું આયોજન ઈ.ચા. પ્રિ. ડૉ. રાજેશ ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રો. શ્વેતા પી. પટેલ દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું. પ્રો. પ્રિયંકા બેરા, પ્રો. સુરભી કાછીયા, પ્રો. પ્રિયંકા ગાંગડવાલા, પ્રો. નિધિ વેકરીયા, પ્રો. મોનિલ ટેલર અને પ્રો. કેવલ પટેલે ઇનોવેશન કલબના સભ્ય તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમમાં યુનિવર્સિટીના આઈડિયા એન્ડ ઇનોવેશન સેલના દિવ્યેશ બારિયા, સિધ્ધિ પટેલ અને ફાલ્ગુની પારેખ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમને અંતે આભારવિધિ પ્રો. પ્રિયંકાબેન બેરાએ કરી હતી.





## રકતદાન શિબિર



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, વુમેન્સ એડિશનલ સેલ્ફ ફાયનાન્સ કોલેજ, ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેન્ક કોલેજ ઓફ કોમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીનો એન.એસ.એસ., એન.સી.સી. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટર, લાયન્સ કલબ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ એફ–૨, રીજીયન–૨ ની તમામ કલબો, શિક્ષક–વાલી મંડળ અમરોલી કોલેજ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ–અમરોલી કોલેજ, એચ.ડી. એફ.સી. બેન્ક, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એન.એસ.એસ., એન.સી.સી. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન–સુરત, ઈન્ડિયન મેડિકલ એસોસીએશન તથા ધી. સુરત મેડીકલ કન્સલ્ટન્ટ એસોસીએશનના સંયુકત સહયોગથી ઇ.ચા. પ્રિ.ડૉ. રાજેશ ડી. રાણાનાં નેતૃત્ત્વ હેઠળ શનિવાર તા. ૨–૭–૨૦૨૨નાં રોજ અમરોલી કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ: ૨૦૨૨–૨૩ દરમ્યાન પ્રથમ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજનાં ઇ.ચા.આચાર્યશ્રી રાજેશકુમાર ડી. રાણા, અમરોલી કોલેજ પરિવાર તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ઉપસ્થિત રહ્યાં હતાં. ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. મેહુલભાઈ બી. શાહ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. છાયાબેન યુ. નાયક, પ્રા. એન.બી.બારિયા, એન.એસ.એસ.ના સ્વયં સેવકો આશિષ સુથાર, પ્રતિક પંડયા, રોહિત અલગોતર તેમજ પ્રા. ડૉ. મયંકભાઈ શોઢા, પ્રા. નિધિબેન વકેરિયા, પ્રા. સુરભીબેન કાછિયા, પ્રા. મેઘાબેન મહેતા, પ્રા. રક્ષાબેન પટેલ તથા એન.એસ.એસ.ના અન્ય સ્વયંસેવકો અને તેમની ટીમે કર્યુ હતું. આ શિબિરમાં ૫૯ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યુ હતું. ફેમિલી ફિઝિશ્યન એસોસીએશન–સુરત, લાયન્સ કલબ,

એચ.ડી.એફ.સી. બેન્ક તેમજ અમરોલી કોલેજ પરિવાર તરફથી સ્મૃતિભેટ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરોલી કોલેજના શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ, એન.એસ.એસ., એન.સી.સી. કેર ટેકર ઓફિસર કુ. શ્વેતાબેન ગોલકિયા, કુ. ખુશ્બુબેન વામજા તથા સ્વયંસેવકો ભારે જહેમત ઉઠાવી હતી.

## સર્ટીફિકેટ કોર્ષ ઓફ મહેંદી આર્ટ



તા. ૭–૭–૨૦૨૨ને ગુરૂવારનાં રોજ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી દ્વારા "સર્ટીફીકેટ કોર્ષ ઓફ મહેંદી આર્ટ" ના વર્ગોનો શુભારંભ કોલેજનાં ઈ.ચા.આચાર્ય શ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો. કોર્ષના કો–ઓર્ડિનેટર તરીકે પ્રા. પ્રિયંકા ગાંગડવાલાની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં કોલેજનો શૈક્ષણિક, વહીવટી સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓ હાજર રહ્યાં હતા.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### FDP પ્રોગ્રામ

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં તા. ૧૮ જુન, ૨૦૨૨ના રોજ 'સધ્યારો' હોલ, છાપરાભાઠા ખાતે FDP પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રોગ્રામમમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડા તથા વિશેષ અતિથિ તરીકે પરમ પૂજ્ય શ્રી જ્ઞાનવિજય સ્વામીજી (IPDC Co-ordinetor, BAPS) હાજર રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં પરમ પૂજ્ય જ્ઞાનવિજય સ્વામીજીએ જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત શાળા અને કોલેજના તમામ શૈક્ષણિક સ્ટાફને 'Teaching Without Teaching' વિષય પર માર્ગદર્શન પૂરુ પાડયું હતું. આ FDP પ્રોગ્રામ અંતર્ગત એક આદર્શ શિક્ષક/અધ્યાપકમાં કયા કયા સદ્‌ગુણો હોવા જોઈએ તે અંગેના તમામ મુદ્દાઓ આવરી લીધા હતા જયારે રીમા બહેને IPDC Certificate Course અંગેની વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. આ સમગ્ર કાર્યક્રમનાં સફળતા પૂર્વક આયોજનમાં આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીનો મુખ્ય ફાળો રહ્યો હતો.







## ઈનામ વિતરણ કાર્યક્રમ

જીવન જયોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં રજત જયંતીના ભાગ રૂપે તા. ૨૦–૬–૨૦૨૨ના રોજ ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી રમેશભાઈ વઘાસિયા (વાઈસ પ્રેસિડેન્ટ ઓફ SGCCI, સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ) અને શ્રી પરેશ લાઠીયા તેમજ જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ગિરધર ગોપાલ મુન્દ્રા, સેક્રેટરીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટી મેમ્બરશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, ડૉ.મહેન્દ્રભાઈ સોલંકી, શ્રી કાંતિભાઈ શાહ તેમજ જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા અને આયોજક કોલેજનાં આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમની શરૂઆતમાં શૈક્ષણિક ક્ષેત્રે પીએચ.ડી, નેટ અને સ્લેટ પ્રાપ્ત કરનાર કોલેજના પ્રાધ્યાપકોને સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમ દરમ્યાન બી.બી.એ, બી.સી.એ. અને બી.કોમ.માં અભ્યાસ કરતા પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને સાંસ્કૃતિક સિધ્ધિઓ મેળવનાર તેમજ વર્ષ દરમ્યાન NSS અને NCC માં પોતાનો ફાળો આપીને સમાજ અને કોલેજને ઉપયોગી બને તેવી પ્રવૃત્તિઓ કરેલી તેઓને પણ ટ્રોફી આપી બિરદાવવામાં આવ્યા હતા. તદ્દુપરાંત ન્યુ એજ્યુકેશન પોલીસીના ભાગરૂપે કોલેજ દ્વારા શરૂ કરવામાં આવેલ સર્ટીફીકેટ કોર્ષમાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં. કોલેજની રજત જયંતિ નિમિત્તે બી.બી.એ. કોલેજનાં પ્રણેતા તેમજ કોલેજનું નામ આપનાર મુખ્યદાતાશ્રી ભાનુભાઈ શાહને મોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કોલેજની રજત જયંતી નિમિત્તે જયંતી વર્ષનો લોગો બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં બી.સી.એ.ના વિદ્યાર્થી મીત પાંચાણીનો લોગો સિલેકટ થયેલો જેમને રોકડ પ્રાઇઝ આપીને સન્માનિત કરવામાં આવ્યા સાથે જ લોગોનું લોન્ચિગ પણ કરવામાં આવ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમ આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ એન્કરિંગ તરીકે પ્રા. ડૉ. ચક્ષુ શાહ તેમજ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન પ્રા. ડૉ. સ્વાતિ મહેતા, પ્રા. ડૉ. જૈમીન શુકલા અને પ્રા. ધરીત નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.











## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ : યોગ શિબિર








જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તારીખ ૨૧ જૂન ૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે 'યોગ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોગ શિબિરમાં અમરોલી પોલીસ સ્ટેશનનાં PSI એસ.ડી.કરેના, ડી.પી.પાંભર તથા પોલીસ વિભાગમાંથી વિજયભાઈ ડાકીયા, કિશનભાઈ ચૂડાસમા, રીટાબેન રાજેસરા, પાયલબેન શાહ, ભાગ્યશ્રીબેન વાઘેલા, જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનાં NCC-CTO શ્વેતા બી. ગોલકીયા, અત્રેની કોલેજના NCC-CTO પ્રા.અનિલા પિલ્લાઈ, પ્રા.ડૉ.પ્રદીપ લેન્કા શારીરીક શિક્ષણના પ્રાધ્યાપક તથા કોલેજનાં શૈક્ષણિક અને વહીવટી સ્ટાફે ભાગ લીધો હતો. યોગ શિબિરમાં ૧૯૫ જેટલા NCC Cadetએ યોગ પ્રશિક્ષણ પ્રાપ્ત કરેલ હતું. યોગ શિબિર દરમ્યાન 6th ગર્લ્સ બેટાલીયન NCC, Surat માંથી આવેલ અધિકારીશ્રી સૂબેદાર સુનિલકુમારે યોગનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આ સંપૂર્ણ કાર્યક્રમ આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ સફળ રીતે થયો હતો.

## સિધ્ધિ







જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યના ૧૧માં ખેલમહાકુંભમાં બોકસિંગ સ્પર્ધામાં ટી.વાય.બી.બી.એ. ના તિર્થ કિકાણીએ સુપર હેવી વેઈટમાં કાંસ્ય પદક પ્રાપ્ત કર્યુ હતું તેમજ ટી.વાય.બી.બી.એ.ના કુનડિયા નિકુંજ રમેશભાઈએ રાજ્ય કક્ષા રગ્બી ફુટબોલ ખેલમાં સિલ્વર મેડલ અને એથ્લેટીકસ જીલ્લા કક્ષામાં ત્રિપલ જમ્પ અને ચક્રફેકમાં

સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે તેમજ તેઓએ રાષ્ટ્રકક્ષાના ખેલમાં રગ્બી ફુટબોલમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્ત્વ કરીને પટના, બિહાર ખાતે ભાગ લીધેલ હતો. આ સિધ્ધિ બદલ કોલેજનાં સ્પોર્ટ ટીચર/કોચ ડૉ.પ્રદીપકુમાર લેન્કા, આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જયોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.



## ગૌરવ



જીવન જયોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ. કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં એસ.વાય.બી.સી.એ.માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની વેકરીયા માનસીનુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી પામી તેઓ જયપુર ખાતે ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં યુનિવર્સિટીનું પ્રતિનિધિત્ત્વ કરવા બદલ કોલેજનાં સ્પોર્ટ ટીચર/કોચ શ્રી ડૉ. પ્રદીપકુમાર લેન્કા, આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જયોત ટ્રસ્ટનાં ટ્રસ્ટી ગણ તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.




## Blood Donation Camp

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી સેલ્ફ–ફાઈનાન્સ કોલેજમાં તા. ૨–૭–૨૦૨૨ના રોજ કોલેજના રજત જયંતી મહોત્સવ નિમિત્તે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩નો પ્રથમ રકતદાન કેમ્પ યોજાયો હતો. HDFC બેંક ફેમિલી ફીઝીશ્યન એસોસિયેશન, સુરત રકતદાન કેન્દ્ર અને Indian Medical Associationના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિર યોજાઈ હતી જેમાં કુલ ૨૧૬ જેટલા રકત યુનિટ પ્રાપ્ત થયાં હતાં. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે ભંડેરી લેબ ડાઈમંડના CEO શ્રી ડૉ. સ્નેહલભાઈ ડુંગરાણીયા તેમજ ગજેરા સ્કૂલના આચાર્યશ્રી જયેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં ૫૦ જેટલા સ્વયંસેવક ભાઈ–બહેનોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપિકા જયોતિકા ટેલર તથા પ્રા. ડૉ. પ્રદીપ લેંકા દ્વારા કરવામાં આવ્યું હતું. જે બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી, જીવન જ્યોત ટ્રસ્ટ અને અમરોલી સેલ્ફ ફાઈનાન્સ પરિવાર NSS ટીમ, સ્વયંસેવક ભાઈ–બહેનો અને રકતદાતાઓને અભિનંદન પાઠવે છે.





## એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### વ્યાખ્યાન

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં પર્યાવરણ જાગૃતિ વિષય પર ડૉ. નીલ દેસાઈનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. ડૉ. નીલ દેસાઈએ પોતાના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે, વૈશ્વિક તાપમાનની સમસ્યાના યુગમાં વાતાવરણમાં આવેલો બદલાવ માનવ સમાજ માટે પડકાર બની ઉભો છે, ત્યારે આપણે સૌએ પર્યાવરણના જતન માટે આગળ આવવું પડશે, તો જ આપણે પડકારને પહોંચી વળીશું. આમ વૃક્ષો પ્રત્યે લાગણી વધે અને પર્યાવરણ જાળવણી માટે જાગૃત થઈ વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરવું જરૂરી છે. કોલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ પ્રસંગોચિત પ્રવચન કર્યુ હતું. આ કાર્યક્રમમાં જાયન્ટ ગ્રુપ બીલીમોરાના સભ્યો હાજર રહ્યાં હતાં. જેમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### કોલેજનો ૭૮ માં વર્ષમાં મંગળ પ્રવેશ

સંસ્કારી નગરી નવસારી પારસી નવરત્નો દ્વારા સ્થાપિત અને સંચાલિત 'સોરાબજી બરજોરજી ગાર્ડા કોલેજ (આર્ટ્સ) એન્ડ પરાગજી કુંવરજી પટેલ કોલેજ ઓફ કોમર્સ' દક્ષિણ ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે આગવું નામ ધરાવે છે.

તા. ૧૮–૬–૧૯૪૫ના રોજ સ્થપાયેલી 'સોરાબજી બરજોરજી ગાર્ડા કોલેજ (આર્ટ્સ)' ૭૭ વર્ષનો સોનેરી ઇતિહાસ ધરાવે છે. ૧૯૪૫માં પારસી દાનવીર શ્રી સોરાબજી બરજોરજી ગાર્ડા તરફથી મળેલ માતબર દાન થકી તા. ૧૮–૬–૧૯૪૫ના રોજ આર્ટ્સ કોલેજના શ્રીગણેશ થયાં હતાં. નવસારી તેમજ આજુ–બાજુના વિસ્તારોના જ્ઞાન પિપાસુઓની જ્ઞાનની તરસ છિપાવવા માટે કોઈ પણ જાતના ભેદભાવ વિના શિક્ષણની ડોર શરૂ કરવામાં આવી હતી.

ત્યારબાદ ૧૯૬૫માં પરાગજી કુંવરજી પટેલ દ્વારા કોમર્સ ફેકલ્ટીની સ્થાપના માટે દાન મળતાં તા. ૧૪–૬–૧૯૬૫ના રોજ 'પરાગજી કુંવરજી પટેલ કોલેજ ઓફ કોમર્સ કોલેજની સ્થાપના થતા કોલેજનું નામ 'સોરાબજી બરજોરજી ગાર્ડા કોલેજ (આર્ટ્સ) એન્ડ પરાગજી કુંવરજી પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી' નક્કી કરવામાં આવ્યું.


આ સાથે વિનયન જ નહિં પરંતુ વાણિજય ક્ષેત્રે પણ નવસારી જિલ્લાના વિદ્યાર્થીઓ માટે પોતાની કારકિર્દી બનાવવાનો માર્ગ મોકળો બન્યો.

ગાર્ડા કોલેજે તેના ૭૭ વર્ષના સુંવર્ણ ઇતિહાસમાં સમાજને અને દેશને અનેક નવરત્નો ભેટમાં આપ્યા છે. આજે ગાર્ડા કોલેજના અનેક વિદ્યાર્થીઓ વિદેશની ભૂમિ પર માતૃભૂમિ નવસારીની ગરિમા વધારી રહ્યાં છે. અર્થતંત્રના દરેક ક્ષેત્રમાં ગાર્ડા કોલેજના વિદ્યાર્થીઓ પોતાનું યોગ્ય પ્રદાન આપી રહ્યા છે. ગાર્ડા કોલેજ વિદ્યાર્થીઓને શિક્ષણ જ પીરસતી નથી, પરંતુ સંસ્કારોનું ભાથું પણ પીરસે છે. એટલે જ વાલીગણશ્રીઓ ગાર્ડા કોલેજને 'શિક્ષણ અને સંસ્કારનું ધામ'થી નવાજે છે. આજે ગાર્ડા કોલેજ જે કાંઈ છે તેમાં જો કોઈનું ઋણ હોય તો તે અનેક વિદ્યાર્થીઓ અને વાલીઓનું છે. કારણ કે વિદ્યાર્થીઓ જ ગાર્ડા કોલેજને સતત ધમધમતી અને ધબકતી રાખે છે.

ગાર્ડા કોલેજ પોતાનું સૂત્ર 'ઉચ્ચૈસ્ત્રામ' (સતત આગળ વધતાં રહેવું)ને ચરિતાર્થ કરવા અથાગ પ્રયત્નો કરી રહી છે. ગાર્ડા કોલેજ, નવસારીની પ્રજા તેમજ સમાજે ગાર્ડા કોલેજમાં મૂકેલા વિશ્વાસનું સંવર્ધન કરીને પોતાનું ઉત્તરદાયિત્વ અદા કરવામાં માને છે. આજે કોલેજનું સંચાલક મંડળ, આચાર્યશ્રી, અધ્યાપકશ્રીઓ તેમજ બિન–શૈક્ષણિક કર્મચારીશ્રીઓ પોતાની ફરજ નિષ્ઠા પૂર્વક બજાવીને ગાર્ડા કોલેજની સફળતામાં યોગદાન આપી રહ્યા છે.

**खुदी को कर बुलंद इतना के हर तक़दीर से पहले खुदा बंदे से खुद पूछे बता तेरी रज़ा क्या है।**

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ





નવસારી નગરીના ઉચ્ચ શિક્ષણના ધામ સમી એસ.બી.ગાર્ડા કોલેજમાં I.Q.A.C. અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુકત ઉપક્રમે તા. ૨૦ અને ૨૧ જૂન ૨૦૨૨ના

દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિનની ઉજવણીના ભાગરૂપે પ્રાણાયામ અને યોગનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ની શરૂઆતથી ગાર્ડા કોલેજ શિક્ષણકાર્ય તથા ઇતર પ્રવૃત્તિથી ધમધમતી થઈ હતી. આ ઉજવણીમાં ગાર્ડા કોલેજનાં ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે વિદ્યાર્થી ભાઈ બહનોને યોગ અને પ્રાણાયામનું માનવજીવનમાં મહત્ત્વ સમજાવ્યું હતું. આ સાથે તેમણે અષ્ટાંગ યોગનો પરિચય આપી, પ્રારંભિક યોગાસનો તથા પ્રાણાયામ કરાવ્યાં હતા. તેમની સાથે રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. અશ્વિન શર્માએ પણ હળવા પ્રાણાયામ કરાવ્યા હતા. આ ઉપરાંત યોગ પ્રાણાયામના નિષ્ણાંત સાધક એવા શ્રી ભરતભાઈ જોષીએ ખાસ પધારીને સ્ટાફ પરિવારને નાડી–શુધ્ધિ પ્રાણાયામ, મુખ્ય યોગાસનો અને મુદ્રાઓનો અભ્યાસ કરાવ્યો હતો. આ તબક્કે શ્રી ભરતભાઈ જોષીએ પણ દૈનિક જીવનમાં પ્રાણાયામ અને યોગ થકી આવતા વિધાયક પરિણામોની સુપેરે સમજૂતી આપી હતી. યોગ અને પ્રાણાયામના પ્રશિક્ષણથી ગાર્ડૉ કોલેજ પરિવારના તમામ સદસ્યો અને વિદ્યાર્થીઓને સુખદ અનુભૂતિ થઈ હતી. આ બાબતે આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે અપીલ કરી હતી કે, શારીરિક–માનસિક સ્વાસ્થ્ય અને મનોવૈજ્ઞાનિક સુખાકારી માટે સૌએ દરરોજ યોગ–પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ. સમગ્ર કાર્યક્રમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તથા ગુજરાત રાજ્ય સરકારની ગાઈડ લાઈન અનુસાર કરવામાં આવ્યો. જે બદલ N.S.S. પ્રોગ્રામ ઓફિસરો ડૉ.એ.સી.શર્મા, પ્રા. હેતલબેન નાયક, પ્રા.કે.સી.પટેલ તથા ડૉ. સ્વાતીબેન દેસાઈએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમની ઉપાચાર્યશ્રી પ્રા. એમ.સી. નાયક, ઉપાચાર્યશ્રી ડૉ. એચ.જે.પટેલ તેમજ ગાર્ડૉ કોલેજ મેનેજમેન્ટે પ્રશંસા કરી હતી. ગાર્ડૉ કોલેજ વતી શ્રી ભરતભાઈ જોષીનો આભાર માની, આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી તેજસ મિસ્ત્રીએ કર્યું હતું.

## NAAC Peer Team




દક્ષિણ ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે અગ્રસ્થાન ધરાવનાર, છેલ્લા ૭૭ વર્ષથી જ્ઞાનની અવિરત જ્યોત દિપાવતી ગાર્ડા કોલેજમાં ૨૬ અને ૨૭ મે, ૨૦૨૨ના રોજ NAAC Peer Team કોલેજનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરી ગુણવત્તાની શ્રેણી નકકી કરવા માટે પધારેલ હતી.

આ NAAC Peer Team માં કુલ ત્રણ સભ્યો હતાં. જેમાં NAAC Peer Teamના ચેરમેન તરીકે ડૉ. હોશિયાર ધામી (કુલપતિશ્રી, સુરજમલ યુનિવર્સિટી, દહેરાદૂન, પૂર્વ કુલપતિશ્રી, ઉત્તરાખંડ રેસિડેન્ટલ યુનિવર્સિટી, દહેરાદૂન, ઉત્તરાખંડ), કો–ઓર્ડિનેટર તરીકે ડૉ. મહમદ સફીક (પૂર્વ પ્રાધ્યાપક, સરોજીની નાયડુ સેન્ટર ફોર વિમેન્સ સ્ટડીઝ, જામીયા મિલ્યા ઇસ્લામીયા સેંટ્રલ યુનિવર્સિટી, સાઉથ દિલ્હી) તથા મેમ્બર તરીકે ડૉ. કેશવ ઘોરુડે (આચાર્યાશ્રી, માલીની કિશોર સંઘવી કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઇકોનોમિક્સ, વીલે પાર્લે, મુંબઈ, મહારાષ્ટ્ર) પધાર્યા હતાં.

NAAC Peer Teamને કોલેજના ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે પુષ્પ ગુચ્છ આપી આવકાર્યા હતાં. ગાર્ડા કોલેજના NAAC વીંગ દ્વારા પરેડ અને સલામી આપી, બેન્ડ સાથે વિશેષ આવકાર આપવામાં આવ્યો હતો. NAAC Peer Team સમક્ષ ઈ.ચા. આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જરે કોલેજની સમગ્રલક્ષી કાર્યવાહીનો પરિચય પોતાના પ્રેઝન્ટેશન દ્વારા આપ્યો હતો.


ગાર્ડા કોલેજમાં ચાલતા વિવિધ વિષયોનાં વિભાગોના અધ્યક્ષશ્રીઓ અને સ્ટાફ સાથે મિટીંગ યોજીને શિક્ષણની ગુણવત્તા અંગેના તમામ પાસાંઓને ડોક્યુમેન્ટ સાથે તપસ્યા હતાં. NAAC Peer Teamના સભ્યશ્રીઓએ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને અપાતી સુવિધાઓનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. Teaching Learning અને Evaluation બાબતે મિટીંગ કરીને એકેડેમિક કેલેન્ડર, ટિચીંગ મેથડ, ઈવેલ્યુશનનાં વિવિધ માપદંડો તથા સ્ટુડન્ટ સેટિશફેકશન બાબતે કોલેજમાં ડિપાર્ટમેન્ટ કયા કયા કાર્યો, કઈ રીતે કરે છે અને તેની વિદ્યાર્થીઓ ઉપર શું ઈમ્પેક્ટ આવે છે તેની માહિતી મેળવી જરૂરી ડોક્યુમેન્ટની ખરાઈ કરી હતી તેમજ કોલેજના જુદા–જુદા સેલ અને એસોશિએશન જેવા કે, Alumni, Parents અને Current Students સાથે મિટીંગ યોજી કોલેજ વિશેના પ્રતિભાવો જાણ્યા હતાં. NAAC Peer Teamની બે દિવસની વિઝીટમાં ગાર્ડા કોલેજની શિક્ષણ પ્રણાલિથી લઈને તમામ સુવિધાઓ બાબતે તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓને કોલેજ તરફથી અપાતી સુવિધાઓની ખરાઈ કરીને ગાર્ડા કોલેજને 'B' ગ્રેડ પ્રાપ્ત થયો હતો.



## તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થા, ભરૂચ.

### નદી કો જાનો : કાર્યક્રમ




તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તપોવન સંકુલમાં તા. ૫–૭–૨૦૨૨ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે 'નદી કો જાનો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૨૬ દિવસથી માત્ર નર્મદા નદીના જળ પર જ નિર્ભર છે તેવા મુખ્ય વકતા તરીકે શ્રી સમર્થ ભૈયાજી મહારાજ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત મહેમાનશ્રીઓના વરદ હસ્તે દીપપ્રાગટયથી કરવામાં આવી. ત્યારબાદ શ્રી નર્મદા સંસ્કૃત વેદ પાઠશાળા ઋષિ કુમારો દ્વારા મંત્રોચ્ચાર તથા બી.એડ્.ની તાલીમાર્થીઓ દ્વારા નર્મદાષ્ટકમ્ રજુ કરવામાં આવ્યું હતું. પરમ લોક વિજ્ઞાન કેન્દ્રનાં ચેરમેનશ્રી કીર્તિબેન જોશીએ શાબ્દિક પ્રવચન કર્યું. ત્યારબાદ વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખશ્રી અજયભાઈ વ્યાસ દ્વારા શ્રી ભૈયાજી મહારાજનો પરિચય કરાવવામાં આવ્યો. ત્યારબાદ પધારેલાં મહેમાનશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. તપોવન સંકુલના નિયામકશ્રી જાગૃતિ પંડયાએ શ્રી સમર્થ સદગુરુ ભૈયાજી મહારાજનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિશ્રી અશ્વિનભાઈ કાપડિયા અને જીએનએફસી નારદેસના પ્રોજેકટ હેડ–એચઆર શ્રી નિતેશભાઈ નાયકનું પુષ્પગુચ્છ તથા શાલ આપી સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ ડીએલએસએસના ખેલમહાકુંભ ગોલ્ડ મેડલ વિજેતાઓને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા. સંત શ્રીસમર્થ સદગુરૂ ભૈયાજી મહારાજન દ્વારા 'નદી કો જાનો' વિષય પર તેમનું વ્યાખ્યાન શરૂ કરવામાં આવ્યું. નદી એ આપણી માતા છે, નદીને સ્વચ્છ રાખવાનો પ્રયત્નો આપણે કરવો જોઈએ. તેમના દ્વારા એવું કહેવામાં આવ્યું કે, નદી બચાવો જીવન બચાવો. આમ નદી કો જાનો આ કાર્યક્રમમાં નમામિ દેવી નર્મદે સૂત્રના હિમાયતી શ્રી સમર્થ સદગુરુ ભૈયાજી મહારાજ દ્વારા નદીનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. વધુમાં તેઓએ જણાવ્યું કે, પ્રકૃતિનું જતન પણ આપણા સૌની જવાબદારી છે. ભરૂચ કિનારે નર્મદામાતા લુપ્ત થવાને આરે છે જેને ભરૂચના લોકોએ જાગૃત રહી બચાવવા મહેનત કરવી જોઈએ.

સત્યમ્ કોલેજ ભરૂચનાં પ્રાધ્યાપક શ્રી નિલેષભાઈ ઉપાધ્યાય દ્વારા કાર્યક્રમને આભાર દર્શન કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કૃતાર્થ દવે પ્રાધ્યાપકશ્રી નર્મદા સંસ્કૃત વેદ પાઠશાળા, ભરૂચ, શ્રી કેશોબેન પ્રજાપતિ, કો–ઓર્ડિનેટરશ્રી, DSC, ભરૂચ, શ્રીમતી ઉર્વશી ચૌહાણ, ઇ.ચા.આચાર્યાશ્રી, શ્રી બી.એચ.પંડયા સ્કૂલ, ભરૂચ દ્વારા કરવામાં આવ્યું.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્.કોલેજ, સુરત.

### પ્રવેશોત્સવ




શ્રી મહાવીર વિદ્યામંદીર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ પાંડેસરા ખાતે તા. ૧૫–૬–૨૦૨૨ના રોજ શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩માં પ્રવેશ મેળવનાર બી.એડ્.ના તાલીમાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવેશોત્સવમાં મુખ્ય મહેમાન તરીકે વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન જી.જી.ઝડફિયા વિદ્યાલયનાં પ્રધાનાચાર્યાશ્રી શર્મિષ્ઠાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમનો પ્રારંભ સવારે ૮:૩૦ કલાકે કરવામાં આવ્યો હતો. સેમેસ્ટર–૩ના તાલીમાર્થીઓએ સ્વાગત નૃત્ય અને વ્યકિતગત નૃત્ય કરી સેમેસ્ટર–૧ના તાલીમાર્થીઓને આવકાર્યા હતા. મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેનાર શર્મિષ્ઠાબેન પટેલે તેમના ઉદ્બોધનમાં વિદ્યાભારતી સંસ્થાની વિશેષ માહિતી તાલીમાર્થીઓને પૂરી પાડી હતી.

પ્રધાનાચાર્યાશ્રી ડૉ. રિદ્ધિ દેસાઈએ ઉપસ્થિત સેમેસ્ટર–૧ના તાલીમાર્થીઓને કોલેજ પરિવાર વતી સ્વાગત કર્યું હતું અને બી.એડ્. વિશેની તમામ માહિતી તાલીમાર્થીઓને પૂરી પાડી હતી. ત્યારબાદ નવા શૈક્ષણિક સત્રમાં પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓને અધ્યાપકોને પરિચય આપવામાં આવ્યો હતો. તેમજ સંસ્થાની વિવિધ વિભાગની મુલાકાત કરાવવામાં આવી હતી.





## વિશ્વ યોગ દિવસ

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ તથા વિમલ ટોરમલ કોમર્સ કોલેજ, પાંડેસરા ખાતે તા. ૨૧ જૂન, ૨૦૨૨ના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વ યોગ દિન નિમિત્તે ત્રણેય કોલેજનાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા બિન શૈક્ષણિક કર્મચારીઓએ સામુહિક રીતે ઉજવણી કરી હતી. સંસ્થાનાં પ્રાર્થનાખંડમાં પ્રાધ્યાપક શ્રી અંકિતભાઈ જાદવે ઉપસ્થિત તમામને યોગ શું છે તેનાથી માહિતગાર કરી યોગની વિવિધ મુદ્રાઓ કરાવી હતી. સ્વાસ્થ્ય સારું રાખવા યોગનું શું મહત્ત્વ છે તેની સાથો સાથ યોગની ક્રિયાઓ કરાવી હતી. વિશ્વભરમાં આ વિશ્વ યોગ દિવસ ઉજવાય છે ત્યારે શૈક્ષણિક પ્રવૃત્તિનાં ભાગરૂપે વિશ્વ યોગ દિનની ઉજવણી સંસ્થામાં ભારતીય સંસ્કૃતિની પરંપરા જાળવીને કરવામાં આવી હતી.








## વિશ્વ યોગ દિવસ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ તથા વિમલ ટોરમલ કોમર્સ કોલેજ, પાંડેસરાના વિદ્યાર્થીઓએ વેડછા ગામની પ્રાથમિક શાળામાં જઈ વિશ્વ યોગ દિનની ઉજવણી કરી હતી. બી.એડ્. કોલેજની તાલીમાર્થિની પાંડે આસુ, કુશ્પા કુમારી અને રાચા હર્ષિથાએ વિશ્વ યોગ દિન નિમિત્તે સવારે ૮:૩૦ કલાકે શાળામાં પહોંચી દરેક બાળકોને યોગ કરાવ્યા હતાં. બી.એડ્.ની તાલીમાર્થિનીઓએ બાળકોને યોગના ફાયદાઓ વિશે સંપૂર્ણ માહિતી આપી હતી. વિશ્વ યોગ દિન નિમિત્તે બી.સી.એ. અને બી.કોમ.ના કુલ ૧૨ વિદ્યાર્થીઓએ મળીને પ્રાથમિક શાળા વેડછા ગામની મુલાકાત લઈ યોગ દિન ઉજવણીનું સરાહનીય કાર્ય કરવા બદલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટે આ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડમાં પ્રાકૃતિક વાતાવરણમાં રાષ્ટ્રિય સેવા યોજના અને NCC નાં સંયુક્ત ઉપક્રમે તા. ૨૧મી જુન, ૨૦૨૨ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ. ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલના પ્રમુખ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં તેમના દ્વારા માનવજીવનમાં યોગ તેમજ પ્રાણાયમનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં NCC ના કેડેટ્સ, કોલેજનાં પ્રાધ્યાપકો, વિદ્યાર્થીઓ તેમજ બિન–શૈક્ષણિક સ્ટાફગણ જોડાયા હતા.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમને સફળ બનાવવા માટે NSS પ્રોગ્રામ ઓફિસરશ્રી આર.બી.ઢીમ્મર, ડૉ. એસ.આઈ.ઠાકોર તેમજ NCC ઓફિસરશ્રી જે.એમ. રાણા અને ડૉ. રીટા બી. પટેલે જહેમત ઉઠાવી હતી.





### ઇતિહાસ અભ્યાસ વર્તુળ







આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં ઇતિહાસ વિભાગનાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ઇતિહાસ અભ્યાસ વર્તુળ ખુલ્લું મુકાયું હતું. વિદ્યાર્થીઓમાં સ્ટેજ ફિયર દૂર થાય અને વાંચનમાં વધારો થાય તે હેતુથી અભ્યાસ વર્તુળ શરૂ કરાયું હતું.

ઓલપાડ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઇતિહાસ વિભાગ દ્વારા ઇતિહાસ વિષયમાં વિદ્યાર્થીઓનું વાંચન વધે તેમ જ રુચિમાં વધારો થાય તે હેતુથી કોલેજનાં આચાર્યશ્રી પ્રિ. ડૉ. ઈશ્વભાઈ પટેલના વરદ હસ્તે ઇતિહાસ વર્તુળ ઇતિહાસ અભ્યાસ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજમાં એફ.વાય. થી એમ.એ. પાર્ટ–૨ સુધી અભ્યાસ કરતા ઇતિહાસ વિષયનાં વિદ્યાર્થી ભાઈ–બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. વિભાગનો પરિચય અને ઇતિહાસ અભ્યાસ વર્તુળના હેતુઓ વિશે ઇતિહાસ વિભાગના વડા પ્રો. નરેન્દ્ર રાઠોડે માહિતી આપી ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પી.જી.ના અધ્યાપકશ્રી નિલેશભાઈ પટેલે વિદ્યાર્થીઓમાં વાંચન ટેવ સુધરે તેમજ વાંચનમાં વધારો થાય તેવું ઉદ્બોધન અને પ્રેરણા આપી હતી. આ પ્રસંગે કોલેજનાં આચાર્યશ્રી ડૉ. ઇશ્વરભાઇ પટેલે વિદ્યાર્થીઓને વિદ્યાર્થી અવસ્થામાં સારી ટેવો કેળવીને વાંચન વધારીને પોતાના કુટુંબ, કોલેજ અને દેશનું નામ રોશન કરવા જણાવ્યું હતું. હવેથી કોલેજમાં દર ગુરુવારે ઇતિહાસ અભ્યાસ વર્તુળ ચાલશે અને તેમાં વિદ્યાર્થીઓને સ્ટેજ ઉપર બોલવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે તેમજ નવા વિચારોની રજૂઆત અને નવા પુસ્તક વાંચીને વિદ્યાર્થીઓ આ પ્રસંગમાં રજુઆત કરી શકશે, કાર્યક્રમનું સંચાલન ઇતિહાસના અધ્યાપકશ્રી ડૉ. પ્રવીણ ચૌધરીએ કર્યું હતું તેમજ આભારવિધિ ઇતિહાસ વિભાગના વડાશ્રી ડૉ. નરેન્દ્ર રાઠોડે કરી હતી.

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ.કોલેજ, સુરત.

### પીએચ.ડી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કોલેજ, પાંડેસરામાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં શ્રી પ્રશાંત પી. ઘંટીવાલાએ કોમ્પ્યુટર સાયન્સ વિષયમાં પીએચ.ડી.ની પદવી મેળવવા માટે 'Personality Analysis form Textual Social Media Posts Using Soft Computing Techniques' શીર્ષક હેઠળ સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદ ખાતે સંશોધન કાર્ય હાથ ધરી મહાશોધનિબંધ રજૂ કરેલ હતું. જેને સાબરમતી યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી. પદવી એનાયત કરી છે. આ સંશોધન કાર્ય તેમણે માર્ગદર્શક ડૉ. મુક્તા અગ્રવાલ તથા કો–ગાઈડ ડૉ. પ્રવિણ એચ. ભાઠાવાલાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવ્યું હતું. પીએચ.ડી.ની પદવી મેળવવા બદલ ડૉ. પ્રશાંત પી. ઘંટીવાલાને શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ પરિવાર હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.

## M. L. Parmar College of Computer Science and IT, Ghod-dod Road, Surat.

### સ્ટાર્ટઅપ–ઈનોવેશન કાર્યક્રમ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને સર્વોદય શિક્ષણ મંડળ, ઘોડદોડ રોડ ખાતે આવેલ એમ. એલ. પરમાર કોલેજનાં ઇ.ચા.આચાર્યાશ્રી હિરલબેન મેસવાનિયાના માર્ગદર્શન હેઠળ સેશન ફોર સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ઇનોવેટિવ આઇડીયાને કેવી રીતે સ્ટાર્ટઅપમાં તબદીલ કરવું તેમજ તેના માટે ફંડિંગ (ગ્રાન્ટ) કેવી રીતે મેળવી શકાય તેની માહિતી યુનિવર્સિટીનાં શ્રીમતી તૃષ્ણા યાજ્ઞિક અને તેમની ટીમ દ્વારા આપવામાં આવી હતી. આ સેશન દરમ્યાન કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા કુલ ૫ જેટલા ઇનોવેટિવ આઇડિયા આગળ આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન કોલેજના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમને ખૂબ જ સારો સાથ અને સહકાર મળ્યો હતો.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### International Yoga Day






C. N. Kothari Homoeopathic Medical College and Research Center, Vyara and HMAI, Vyara Unit celebrated 8th International Yoga Day on 21st June-2022, College has started preparatory session of yoga for 6 days prior to the main celebration from 13/06/2022 to 18/06/2022, in which the students of the college as well as Staff participated actively. As part of main event, "Yoga Slogan Competition" was organized in the college on 20/06/2022; in which students of all years of B.H.M.S. enthusiastically participated. In which three students were declared as winners and two students were given consolation prizes. On the occasion of International Yoga Day, a yoga program was held by the college yoga teacher Dr. Piyush Pandya and his team for all the students and staff of the college. Whole programme was conducted by Dr. Dhruni Gavli and her team under the guidance of Principal Dr. Jyoti Rao.

List of winning students:

| Prize | Name | Year | Price |
|---|---|---|---|
| 1st | Chitrangi Patel | T.Y.BHMS | 1500/- |
| 2nd | Devangi Timbadiya | S.Y.BHMS | 1001/- |
| 3rd | Kinjal Kalsariya | F.Y.BHMS | 5001/- |

Consolation Prize:

| | | | |
|---|---|---|---|
| 1st | Janvi Patel | 4th Year BHMS | 251/- |
| 2nd | Vinit Kapdi | 3rd Year BHMS | 251/- |

## National Doctors' Day

C. N. Kothari Homoeopathic Medical College and Research Center, Vyara & HMAI, Vyara Unit celebrated National Doctors' Day on dated 1-7-2022. Dr. Anjali Sindhi welcomed all staff members and students of college. Principal with staff and students lit the lamp and offered flowers to Goddess Ma Saraswatiji and Dr. Samuel Hahnemman. All Staff and Students together took the Hahnemannian Oath. Principal Dr. Jyoti Rao delivered speech on Doctor's Day and gave best wishes. Institute has honored all doctors of College, Hospital, Naturopathy with flowers and a gift. The entire program was arranged by Dr. Dhuni Gavli and her team under the guidance of Principal Dr. Jyoti Rao.










## Seminar



A seminar was organized by C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara in association with HMAI Vyara Unit on 21-06-2022. The seminar was presented by Dr. Ghanshyam D. Raval on the Topic of "Basics of Personality Development". The session was very interesting & interactive. The Basic factors of How to be a good human being were interacted. The seminar was attended by staff members Teaching & Non-Teaching of the college & Hospital Staff. The seminar was arranged by Seminar committee headed by Dr. J. J. Jain under the guidance of Principal Dr. Jyoti Rao.

## સેમિનાર







સી. એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર, વ્યારા દ્વારા હોમિયોપેથીક મેડીકલ એસોસીએશન ઓફ ઈન્ડિયા, વ્યારા યુનિટના સહયોગથી તા. ૨–૭–૨૦૨૨ના રોજ "Homoeopathy in Acute Conditions" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે હોમિયોપેથીક જગતનાં ખૂબ જ પ્રખ્યાત ડૉ. ઘજાનન ઘાનિપકર (મુંબઈ)એ સેવા આપી હતી. આ સેમિનારનો કોલેજના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ અને HMAI વ્યારા યુનિટનાં ઘણા તબીબો દ્વારા લાભ લેવામાં આવ્યો હતો. સમગ્ર સેમિનાર વિદ્યાર્થીઓ અને સ્ટાફ માટે ખૂબજ પ્રેરણાદાયી રહ્યો હતો. વકતાએ સમગ્ર સેમિનારમાં દર્દીઓની તીવ્ર સ્થિતિમાં તેની હોમિયોપેથીક ઉપચાર પદ્ધતિ પર ભાર મૂકયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન સેમિનાર સમિતિ દ્વારા કોલેજના આચાર્યાશ્રી ડૉ. જ્યોતિબેન રાવનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### વૃક્ષારોપણ

ઉધના કોલેજમાં વિશ્વ પર્યાવરણ સુરક્ષા દિવસની ઉજવણી નિમિત્તે તા. ૬–૬–૨૦૨૨નાં રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન સામુદાયિક સેવા ધારા દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્યાશ્રી ડૉ. ડૅઇઝી, ડૉ. મનિષ, BCA કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ તેમજ સામુદાયિક સેવા ધારાના અધ્યક્ષશ્રી પ્રો. મહેશ વી. પટેલે ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમમાં વિવિધ વૃક્ષોનું આરોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આચાર્યશ્રીએ વૃક્ષોનું માવજત કરવા માટે વિદ્યાર્થીઓને ઉત્સાહ પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને કોલેજના સ્ટાફ સહાયક કર્મચારીઓએ ભાગ લઈ કાર્યક્રમમાં શોભા વધારી હતી. પર્યાવરણ સુરક્ષાનાં ભાગરૂપે વિદ્યાર્થીઓએ એક એક છોડની માવજતની જવાબદારી સહર્ષ સ્વીકારી હતી.





## Teaching without Teaching: Seminar






ઉધના કોલેજમાં તા. ૧૫–૬–૨૦૨૨નાં રોજ IDPC ટીમ, VNSGU દ્વારા 'Teaching without Teaching' વિષય પર સામુદાયિક સેવા ધારા અંતર્ગત સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું. સેમિનારના વકતાશ્રી સાધૂ જ્ઞાનવિજયદાસજી દ્વારા ખૂબ જ અસરકારક પદ્ધતિથી શિક્ષણને કઈ રીતે વધુ રસદાર બનાવી શકાય તથા આજના વિદ્યાર્થીઓને કઈ રીતે તાલીમ આપી શકાય તે વિશે માહિતી પુરી પાડવામાં આવી હતી. સેમિનારનાં અન્ય વકતા ડૉ. રુચિબેન ચલોડીયાએ IDPC કોર્ષ વિશે માહિતી પૂરી પાડી હતી. પ્રધ્યાપકશ્રી હરેકૃષ્ણ ગોહિલ, સ્વામીશ્રી નારાયણપ્રકાશદાસજી તથા તેમની ટીમ સેમિનાર દરમ્યાન ઉપસ્થિત રહ્યાં હતાં. આ સેમિનારનો સંસ્થાના તમામ પ્રાધ્યાપકોએ લાભ લીધો હતો. સંસ્થાના આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપી સેમિનારની શરૂઆત કરી હતી, બી.બી.એ વિભાગનાં ઉપાચાર્યાશ્રી ડૉ. ડૅઝી, બી.સી.એ. વિભાગના ઉપાચાર્યશ્રી ડૉ. મનિષ કાયસ્થ તેમજ ડૉ. તેજસ ઘડિયાળીએ સેમીનારમાં હાજર રહી પ્રોત્સાહન પૂરું પાડયું હતું.

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

ઉધના કોલેજમાં તા. ૨૧/૬/૨૦૨૨નાં રોજ વ્યાયામ –યોગ–ખેલકૂદધારા અને સામુદાયિક સેવા દ્વારા સંયુકત રીતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજનાં સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉપસ્થિત તમામ દ્વારા સારા સ્વાસ્થ્ય માટે યોગાસનો કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સફળ આયોજન આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજીત યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેવા ઉપસ્થિત રહેલ કોલેજનાં વિદ્યાર્થીઓ હર્ષ હુમ્મર અને કુલદીપ ભાલિયાને કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડા દ્વારા પ્રશંસાનાં પ્રતીક તરીકે પુસ્તક અર્પણ કરવામાં આવ્યું હતું.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-6-2022 to 30-6-2022

| Detail | Description | April-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 2258 | |
| | Internet Lab User | 31 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 6 | |
| | UG/PG Students | 11 | |
| | Research Scholars | 20 | |
| | Citizens | 0 | |
| | Non Teaching Staff | 1 | |
| | Online User | 1450 | |
| | Total | | 3777 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| June-2022 | 352 | 454 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2022 | 13 |

Soursce : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2022 | 13 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | June-2022 | 13 |

Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Sonal P. Bharti**
I/c. Assistant Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. સોનલ પી. ભારતી, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in